# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૯૭ તા. ૬-૧૧-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ કરતાં હોય તેવાં શિક્ષકોના બાળકોને વર્ષઃ૨૦૧૫-૧૬ ના શૈક્ષણિક વર્ષની આર્થિક સહાય આપવા બાબત.

સંદર્ભ :- ૧. ભારત સરકારશ્રીના માનવ સંશાધન વિકાસ મંત્રાલયના તા.૯/૮/૧૭ના આદેશ ક્રમાંક : એફ.નં.૬-૧૨/૨૦૧૭ એનએફટીડબલ્યુ

૨. ક્રમાંકઃ પ્રાશિનિ/ જ / આ.સહાય- ૨૦૧૫ - ૧૬ / ૨૦૧૭ / ૫૦૧૭-૫૧૧૬ તા.૧૮-૧૦-૧૭/ પ્રાથમિકશિક્ષણ નિયામકની કચેરી ગાંધીનગર.

આથી તમામ મ્યુનિ. શાળાના શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, ભારત સરકારશ્રીના માનવ સંશાદન વિકાસ મંત્રાલય તા.૯/૮/૨૦૧૭ના આદેશ ક્રમાંકઃ એફ.નં.૬-૧૨/૨૦૧૭ એનએફટીડબલ્યુથી વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ કરતાં હોય તેવા શિક્ષકોના બાળકોને વર્ષઃ ૨૦૧૫-૧૬ના શૈક્ષણિક વર્ષની આર્થિક સહાય ચૂકવવા અંગેની અરજીઓ મંગાવવાની થાય છે.

ભારત સરકારના ઉક્ત પત્ર અન્વયે શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૫-૧૬ના વર્ષમાં નીચે જણાવ્યા પ્રમાણે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ કરતાં હોય તેવા શિક્ષકોના બાળકો/સંતાનોને આર્થિક સહાય આપવા અંગે નક્કી કરવામાં આવેલ છે. આ સાથે પ્રાથમિકશિક્ષણ નિયામકશ્રીની કચેરી ગાંધીનગરનો પત્ર સામેલ છે. જેનો સંપૂર્ણ અભ્યાસ કરી માગ્યા મુજબની વિગતો સામેલ કરી હેડકલાર્ક બ્રાંચમાં તા.૨૦-૧૧-૨૦૧૭ સુધી રૂબરૂમાં આપી જવી.ત્યારબાદ આવેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

આ યોજના માત્ર શાળાના શિક્ષકો માટે જ છે.

તા.૬-૧૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ભારત સરકાર સંદર્ભ
સમય મર્યાદા

ક્રમાંકઃ પ્રાશિનિ/જ/આ.સહાય-૨૦૧૫-૧૬/૨૦૧૭/૫૦૧૭-૫૧૧૬
પ્રાથમિકશિક્ષણ નિયામકની કચેરી
બ્લોક નં.૧૨/૧લે માળ,, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા.૧૮/૧૦/૨૦૧૭

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તનામ)
શાસનાધિકારીશ્રી, ( તમામ)

..............................

વિષયઃ- વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ કરતાં હોય તેવા શિક્ષકોના બાળકોને વર્ષ-૨૦૧૫-૧૬ના શૈક્ષણિક વર્ષની આર્થિક સહાય આપવા બાબત.

સંદર્ભઃ- ભારત સરકારશ્રીના માનવ સંશાધન વિકાસ મંત્રાલય ના તા. ૯/૮/૨૦૧૭ના આદેશ ક્રમાંકઃ એફ.નં.૬-૧૨/૨૦૧૭ એનએફટીડબલ્યુ

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારશ્રીના માનવ સંશાધન વિકાસ મંત્રાલય તા. ૯/૮/૨૦૧૭ના આદેશ ક્રમાંક: એફ.નં.૬-૧૨/૨૦૧૭ એનએફટીડબલ્યુથી વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ કરતાં હોય તેવા શિક્ષકોના બાળકોને વર્ષ-૨૦૧૫-૧૬ના શૈક્ષણિક વર્ષની આર્થિક સહાય ચૂકવવા અંગેની અરજીઓ મંગાવવાની થાય છે. .

ભારત સરકારના ઉકત પત્ર અન્વયે શૈક્ષણિક વર્ષ-૨૦૧૫-૧૬ના વર્ષમાં નીચે જણાવ્યા પ્રમાણે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ કરતાં હોય તેવા શિક્ષકોના બાળકો/ સંતાનોને આર્થિક સહાય આપવા અંગે નકકી કરવામાં આવેલ છે. આ યોજના નીચે પ્રમાણે છે.

આ યોજના માત્ર શાળાના શિક્ષકો માટે જ છે.

આ યોજનાનો લાભ તેવા શિક્ષકોને મળશે. કે જેમના સંતાનોએ ઇજનેરી, વૈદિકશાસ્ત્ર અને સંચાલન ક્ષેત્રે વ્યવસાયિક કે પ્રમાણપત્ર અભ્યાસક્રમ કરેલ હોય અને નીચે દર્શાવેલ વ્યવસાયિક અભ્યાસક્રમમાંથી જો અભ્યાસ કરેલ હોય તો જ આર્થિક સહાય મળવા પાત્ર બનશે.

(૧) ચાર વર્ષના આઠ સેમેસ્ટરના સમયગાળાના એન્જીન્યરીંગ ડીગ્રી કોર્ષમાં સિવિલ, મિકેનીકલ, ઇલેકટ્રીકલ, એન્જીન્યરીંગ, આરકીટેકચર, ટેક્ષટાઇલ, કોમ્પ્યુટર સાયન્સ, ઓટોમોબાઇલ્સ, કેમિકલ એન્જીન્યરીંગ, ઇલેકટ્રોનીકસ, ટેલિકોમ્યુનીકેશન, ખાણ, રબર ટેકનોલોજી, મોટોલોજિક એન્જીન્યરીંગ ઇન્સ્ટ્રુમેન્ટશન અને નિયંત્રણ તેમજ એરોનોટીકલ એન્જીનીયરીંગ.

(૨) ઉપર દર્શાવેલ અભ્યાસક્રમો પૈકી જો ડિપ્લોમા અભ્યાસક્રમ (પ્રમાણપત્ર અભ્યાસક્રમ) કરેલ હોય તો તે અભ્યાસક્રમ ઓછામાં ઓછા ત્રણ વર્ષનો હોવો જોઇએ.

(૩) તબીબી કોર્ષમાં એલોપથી, હોમીયોપેથી અને આર્યુવેદિક મેડીસીનના તથા વેટરનરી વિજ્ઞાનનો અભ્યાસક્રમ કરતા હોય તેવા

(૪) બી. ફાર્મમાં બે વર્ષ કરતાં ઓછા વર્ષનો અભ્યાસક્રમને ધ્યાને લેવામાં આવશે નહિ. આ ડિપ્લોમા કોર્સ માટે છે.

(૫) ડીગ્રી અભ્યાસ કર્યા પછી મેનેજમેન્ટ અભ્યાસક્રમ માટે ઓછામાં ઓછા બે વર્ષ હોવા જરૂરી છે.

ઉપરોકત ક્રમ ૧ થી ૫ માં જણાવેલ અભ્યાસક્રમમાં શિક્ષકોના બાળકો/સંતાનો જો અભ્યાસ કરતાં હો તો તેઓએ ભારત સરકારશ્રી ધ્વારા નિયત કરેલ નમૂનામાં અરજી કરવાની રહેશે. અરજી કરતી વખતે નીચેની બાબતો ખાસ ધ્યાને લેવાની રહેશે.

ધ્યાને લેવાના મુદ્દ ઓ :-

(૧) ફોર્મ સાથે જે વર્ષમાં અભ્યાસ કરતા હશે તે વર્ષની ભરેલ ફીની મૂળ પહોંચ/ રસીદ (ઓરીજીનલ) બીડવાની રહેશે. (વર્ષ-૨૦૧૫-૧૬ની)

(૨) મૂળ ફીની રસીદ પ્રદેશીક ભાષામાં હશે તો તેને અંગ્રેજી અથવા હિન્દીમાં રૂપાંતર કરી તેમાં ગેઝેટેડ અધિકારીના સહી સિક્કા કરી મૂળ ફીની પહોંચ રજૂ કરવાની રહેશે.

(૩) બાળક/ સંતાન જે સંસ્થામાં અભ્યાસ કરતુ હોય તે સંસ્થા/ કોલેજ પાસેથી અભ્યાસ અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૪) નિયત કરેલા નમૂનામાં કોલેજ/ સંસ્થાના આચાર્યના સહી-સિક્કા ફરજિયાત કરવવાના રહેશે.

(૫) નિયત કરેલ ફોર્મ વર્ષ- ૨૦૧૫-૧૬ માટે જ ભરવાનું રહેશે.

(૬) જો સંસ્થાના પ્રમાણપત્ર પ્રાદેશીક ભાષમાં આપતી હોય <u>તો તેને અંગ્રેજી/ હિન્દી ભાષમાં રૂપાંતર કરી તેમાં ગેઝેટેડ અધિકારીના સહી- સિક્કા કરી મૂળ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.</u>

(૭) આર્થિક સહાય આપવાની ભલામણ જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારી/ શાસનાધિકારીશ્રીએ અરજદારે ખરેખર ચૂકવેલ ફી માં ટયુશન ફી અને લેબોરેટરી ફી જ અને બીજા અન્ય ખર્ચને ધ્યાનમાં લઇને જ ભલામણ કરવાની રહેશે.

(૮) આર્થિક સહાય રૂ. ૧૫૦૦૦/-ની મર્યાદામાં જ મળશે.

(૯) રોકડમાં ભરવામાં આવેલ ઇતર ફી, મેસ ચાર્જીસ, હોસ્ટેલ ફી માન્ય રાખવામાં આવશે નહી. ફકત ટયુશન ફી, લાયબ્રેરી ફી અને લેબોરેટરી ફી જ માન્ય રાખવામાં આવશે. જેની સાથે કોલેજની ફી ભર્યાનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. વધુમાં વધુ રૂ. ૧૫૦૦૦/- આર્થીક સહાય મળવા પાત્ર બનશે. અને ઓછામાં ઓછી જે ફી ભરેલ હોય તે મળવા પાત્ર રહેશે.

(૧૦)દરેક ફોર્મ ઉપર જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારી/ શાસનાધિકારીશ્રીના <u>સહી-સિક્કા અંગ્રેજીમાં ફરજિયાત છે.</u> કેટલા કેસોમાં જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારી/ શાસનાધિકારીશ્રીના સહી-સિક્કા ન હોવાને કારણે રદ થયેલ હોય તેવુ બનવા પામેલ છે. (ક્રમ નં. ૧૮ સેક્રેટરી/ ટ્રેઝરરની બાજુમાં )

(૧૧) આર્થિક સહાય માત્ર એક શૈક્ષણિક વર્ષ પુરતી જ આપવાની થાય છે.

(૧૨) જો શિક્ષકનો બાળક/ સંતાન નપાસ હશે અથવા તો સ્કોલરશીપ મેળવી ચૂકેલ હોય તેમને આર્થિક સહાય મળવાપાત્ર બનશે નહિ. જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારી/ શાસનાધિકારીશ્રીએ ખાસ ધ્યાનેમાં રાખવાની બાબતમાં શિક્ષક/ સંતાન અગાઉના વર્ષમાં આ કોર્ષમાં પાસ હોય તો જ તેઓનું ફોર્મ ભરવાનુ રહેશે અને અગાઉના વર્ષની પાસ થયાની માર્કશીટ રજૂ કરવાની રહેશે. (વર્ષ-૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫ તેમજ આ ફોર્મ વર્ષ ૨૦૧૫-૧૬ માટેના હોઇ વર્ષ-૨૦૧૫-૧૬ની પાસ કર્યાની માર્કસીટ પણ આપવાની રહેશે.)

(૧૩ )વિદેશમાં ભણતા બાળકો/ સંતાનોને આ સહાય મળવા પાત્ર બનતી નથી.

(૧૪) જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારી/ શાસનાધિકારીશ્રીએ આર્થિક સહાયની અરજી મોકલતા સમયે તેના સાધનીક પુરાવાઓ/ આધારો જોઇ તપાસીને રજૂ કરવાની તકેદારી રાખવાની રહેશે. અધૂરી વિગતો વાળી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહી અને પાછળથી તેમને માન્ય રાખવામાં આવશે નહી.

(૧૫) શિક્ષકના આધાર કાર્ડની નંબર કોલમ ન. ૧૨ (ii) મા અવશ્ય દરશાવવાં.

(૧૬) <u>જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીશ્રીની સમિતિની રચના કરી જિલ્લા શિક્ષણાધિકારીના</u> <u>અધ્યક્ષ સ્થાને બેઠક બોલાવવાની રહેશે.</u> દરેક જિલ્લામાંથી પ્રાથમિક, માધ્યમિક, અને ઉ. માધ્યમિક શાળાના શિક્ષકોની મળીને કુલ વધુમાં વધુ ૨૦ શિક્ષકોની દરખાસ્ત અત્રેની કચેરીને મોકલવાની રહેશે.

દરખાસ્ત પસંદ કરતી વખતે એક માત્ર સંતાન દિકરી હોય, બાળક ડીસેબલ હોય માતા અથવા પિતા બે માંથી એક હયાત હોય, સરકારી સંસ્થામાં અભ્યાસ કરતુ હોય. (જે શિક્ષકોના સંતાનોએ મેડીકલ/ડેન્ટલના અભ્યાસક્રમમાં જોડાયેલ હોય તેમને આ યોજનામાં સમાવેશ ન કરતાં તેમને ગુજરાત સરકારમાં અમલમાં છે તે સ્કીમમાં શિક્ષક કલ્યાણ રાષ્ટ્રીય નિધિમાંથી આર્થિક સહાય મેળવવા માટે સમાવેશ કરવાની રહેશે. તેમજ શિક્ષકોના સંતાનને વર્ષ -૨૦૧૫-૧૬ માં પ્રથમ વર્ષમાં મેડીકલ/ડેન્ટલના અભ્યાસક્રમમાં જોડાયેલ હોય અને આ સહાય મેળવેલ હોય તેમને બીજીવાર દરખાસ્ત મોકલવાની નહી. તેની કચેરીના વડાએ તકેદારી રાખવાની રહેશે. ) વગેરે જેવા માપ દંડ ધ્યાને લઇ દરખાસ્તો મોકલવાની રહેશે.

અરજીઓ મોકલવાની છેલ્લી તારીખ ૩૦/૧૧/૨૦૧૭ સુધીમાં મોકલી આપવાની રહે છે.

શાળાઓમાંથી આપની કચેરીને મળલે અરજીઓનું એકત્રીકરણ કરી અત્રેથી આપવામાં આવેલ એનેક્ષર-(ii) માં સી. ડી. તૈયાર કરી આપવાની રહેશે અને તેની હાર્ડ કોપી પણ ફરજીઆત આપવાની રહેશે.

આ પત્રક .ફરજીઆત અંગ્રેજીમાં New Time Roman Font માં કેપીટલ અક્ષરમાં જ લખીને મોકલવાનુ તેમજ વિધાર્થીનુ નામ , પિતાનુ નામ અને અટક લખવામાં ભૂલ ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

સી. ડી. માં જે પ્રમાણે યાદી બનાવવામાં આવેલ હોય તે પ્રમાણે જ તેની હાર્ડ કોપી અને શિક્ષકના નામો પણ સી. ડી. માં જણાવ્યા પ્રમાણે જ સીરીયલમાં રહે તેની કાળજી લેવાની રહેશે.

અધુરી વિગતવાળી અરજીઓ આપની કક્ષાએથી જ પરત કરવાની રહેશે.

જો કોઇ શિક્ષકનું બાળક/સંતાન ઉકત અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૧૫-૧૬ માં ત્રીજા વર્ષોમાં અભ્યાસ કરતો હોય તો પ્રથમ બે વર્ષનું એટલે કે આગળના ચાર સેમેસ્ટરનું રીઝલ્ટ પાસનું હોવુ જોઇએ અને તેની માર્કશીટ / પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે જો કોઇ બાળક/સંતાન વર્ષ ૨૦૧૫-૧૬ માં બીજા વર્ષમાં અભ્યાસ કરતો હોય તો પ્રથમ વર્ષના બે સેમેસ્ટરમાં પાસ હોવો જોઇએ અને બીજા સેમેસ્ટરની માર્કશીટ રજુ કરવાની રહેશે. જો કોઇ બાળક / સંતાન ૨૦૧૫-૧૬ માં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હોય તો પ્રથમ વર્ષમાં અભ્યાસ અંગેના પરિણામની માર્કસિટની પ્રમાણિત કોપી રજુ કરવાનું રહેશે. શિક્ષકોને આ સાથે સામેલ બિડાણ-૧ મુજબની અરજી પત્રકનો નમૂનો આપની કક્ષાએ પુરો પાડવાનો રહેશે અને તેમાં વિગતો નિયત ફોન્ટમાં અંગ્રેજીમાં ભરવાની રહેશે બિડાણ-૨ મુજબની આપના જિલ્લાની માહિતી અંગ્રેજીમાં જ જણાવેલ ફોન્ટ મુજબ તૈયાર કરીને રૂબરૂમાં જાણકાર કર્મચારી સાથે તા.૩૦/૧૧/૨૦૧૭ સુધીમાં અંગેની કચેરી ખાતે રૂબરૂમાં પહોચતી કરવાની રહેશે. આ પત્રકમાં " નેમ ઓફ વોર્ડ " માં શિક્ષકના સંતાનનું નામ લખવાનું છે તેનુ ધ્યાન રાખશો બિડાણ-૨ ની માહિતી સોફટ અને હાર્ડ કોપીમાં પહોંચતી કરવાની રહેશે. આ બાબતને ટોચ અગ્રતા આપશો.

તા.૩૦/૧૧/૨૦૧૭ બાદ કોઇ દરખાસ્ત અત્રે સ્વીકારવામાં આવશે નહિ.

ઉપરોકત સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરી અરજીઓ મોકલી આપવાની રહેશે. તેમજ આપની કચેરી ધ્વારા કોઇપણ કારણસર દરખાસ્ત મોકલવામાં વિલંબ કરવામાં આવશે તો તે અંગેની જવાબદાર આપની કચેરીની રહેશે.

નિયામક.
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ગુજરાત રાજય, ગાંધીનગર.

બિડાણ:-

(૧) અરજીનો નમૂનો ( અંગ્રેજીમા )

(૨) ડી.ઇ.ઓ/ડી.પી.ઓ/શાસનાધિકારીએ અત્રેની કચેરીને મોકલવાનું પત્રક ( અંગ્રેજીમાં )

Annexure – I

Application for financial assistance from National Foundation for Teacher's Welfare for Professional Education of Children of School Teachers 2015-16

| | | |
|---|---|---|
| 1. | Full name and permanent address of the applicant (in Block Letters) | : |
| 2. | Date of birth and age of the applicant | : |
| 3. | Whether the teacher is in service | : |
| 4. | If answer to (3) above is 'Yes' please give the following particulars in respect of the post held at present | : |
| | (d) Designation | : |
| | (e). Name of the Institution where employed at present | : |
| | (f) Whether the institution is a Govt. Institution /Govt. Aided / Private Instuition | : |
| 5. | Name of the student (In Block Letters) | : |
| 6. | Date of birth and age of the student | : |
| 7. | Relationship with the Student | : Father / Mother |
| 8. | (a) Nature of professional course | : Medical / Engineering / Management |
| | (b) Name & duration of course (with semesters) | : |
| 9. | Name and address of the college where the student is studying / has studied during 2015-16 | : |
| 10. | Date of admission (for 1st year) | : |
| 11. | Year in which studying during 2015-16 | : 1st / 2nd / 3rd / 4th |
| 12. | (i) Whether any scholarship is received from the Institution. If so, specify the amount | : |
| | (ii) Whether any assistance has already been received from N.F.T.W., for this purpose. If yes, give particulars | : |
| | (iii) Aadhar No. of applicant/Teacher : | |

| | | |
|---|---|---|
| ✓13. | Actual fees paid for the professional course (Attach original cash receipts) | : |
| 14 | Amount of financial assistance claimed | : |
| 15 | Whether certificate from the college where the student is studying is attached | : |
| 16 | Certificate I (to be furnished by the applicant) | |

I certify that to the best of my knowledge and belief, the particulars given above are correct. I fully understand that in event of this being proved otherwise, I shall be liable to such action as the National Foundation or Teacher's Welfare may deem fit to tale in the matter.

Place:

Date: Signature of the Teacher

17. Certificate II ( to be furnished by the Head of the Institution where the teacher is serving)

Certified that the particulars furnished by the applicant are correct.

Place:

Date: Signature of Head of the Institutions
(with official seal)
**(in Hindi/English only)**

---

18. Recommendations of the State Working Committee, i.e. amount of financial assistance recommended for the year 2015-16

Place:

Date: Signature of Secretary Treasurer
(with official seal)
**(in Hindi/English only)**

D.E.O./D.P.E.O./A.O
WITH OFFICIAL
[IN HINDI/ENGLISH ONLY]

Name of the Institution:

Ref. No.......................................Date......................................

## STUDY CERTIFICATE

This is to certify that Sh./Kum..............................son/daughter of Smt./Shri............................................................. working as teacher in ..........................................................................

is a bonafide student of this Institution and studying in/studied in ...........year (1st/2nd/3rd/4th)/ ......................... semester (1st/2nd/3rd/4th/5th/6th/7th/8th) during the year 2015-16.

The student is studying /studied in this college as per details given below:-

| Name of the course | Duration of course(with semesters) | Date of admission(for 1st year) | Year of course | Whether passed or failed | Remarks |
|---|---|---|---|---|---|
| | | | | | |

The student has received/not received scholarship from this Institution during the year 2015-16 of Rs. ...................

(Signature of the Principal)
With official seal

**Annexure II**

List of applications forwarded by the State Working Committee of NFTW ………………………………… (State/UT/Orgn.) under the Scheme of "Support for Professional Education of Children of School Teachers" for the academic year 2015-16.

| S. No. | Name of the teacher & school where working | Designation of the school teacher | Name of the ward | Name of the course | Amount (in Rs.) recommended by the SWC |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | શિક્ષકનુંનામ<br>શાળાનુંનામ<br>સરનામું | હોદ્દો | શિક્ષક<br>સંતાન<br>નુંનામ | અભ્યાસ/<br>કોર્સનુંનામ | |

- ઉપરોક્ત ક્ર વિગતો અંગ્રેજીમાં ANNEXURE-II માં અક્ષરશઃ ભરવાની રહેશે.
- લેખ. જિલ્લાની કચેરીએ શાળાઓમાંથી આવેલ અરજીઓ ANNEXURE-II માં. એન્ટ્રી કરી મોકલવી હાર્ડ અને સોફ્ટ કોપીમાં મોકલવી